# મન કી બાત

વોલ્યુમ 6



# MANN KI BAAT
## VOL.6


**Authors**
Sarda Mohan and Tanushree Banerji

**Illustrations and Cover Art**
Dilip Kadam

**Assistant Artist**
Ravindra Mokate

**Production**
Amar Chitra Katha



**Published by**
Amar Chitra Katha Pvt. Ltd

GUJARATI

ISBN – 978-81-19596-68-3

Amar Chitra Katha Pvt. Ltd, September 2023



© Ministry of Culture, Govt of India, September 2023
All rights reserved. This book is sold subject to the condition that the publication may not be reproduced, stored in a retrieval system (including but not limited to computers, disks, external drives, electronic or digital devices, e-readers, websites), or transmitted in any form or by any means (including but not limited to cyclostyling, photocopying, docutech or other reprographic reproductions, mechanical, recording, electronic, digital versions) without the prior written permission of the publisher, nor be otherwise circulated in any form of binding or cover other than that in which it is published and without a similar condition being imposed on the subsequent purchaser.

You can now get ACK stories as part of your classroom with **ACK Learn**, a unique learning platform that brings these stories to your school with a range of workshops. Find out more at **www.acklearn.com** or write to us at **acklearn@ack-media.com**.

જ્યારે કોઈની સામે કોઈ સમસ્યા આવે, ત્યારે તે વ્યક્તિ શું કરે છે? આપણાંમાંથી કેટલાક સમસ્યાને અવગણી કાઢશે, કેટલાક તેની ચિંતામાં ડૂબી જશે પરંતુ કરશે કંઈ નહીં અને કેટલાક તેનું સમાધાન શોધશે.

બબીતા રાજપુતે સમાધાન શોધી કાઢ્યું.

જ્યારે તેના ગામનું તળાવ સુકાઈ ગયું અને લોકોને પાણી લાવવા માટે માઇલો સુધી ચાલવુ પડતું, બબીતાએ પાણી લાવીને તળાવને ફરીથી ભરવાનું નક્કી કર્યું. ના, ડોલથી ભરી-ભરીને કે લાંબા પાઇપ નાખીને નહીં પરંતુ એક ઉંચી ટેકરીમાંથી એક માર્ગ ખોદીને અને તળાવની બીજી બાજુએ આવેલી નહેરમાંથી તળાવ સુધી પાણીનો રસ્તો બનાવીને.

આ બૃહદ કાર્ય માટે, તેણીએ 200 મહિલાઓની મદદ લીધી. તે બધી 'જલ સહેલીઓ' અથવા પાણી મિત્ર તરીકે ઓળખાતી. તે બધીએ સાથે મળીને 18 મહિનાની અંદર એક માર્ગ ખોદી કાઢ્યો અને તે ફક્ત તળાવ જ નહીં પરંતુ બોરવેલ ભરવામાં પણ સફળ રહી.

સમસ્યાને અવગણવાથી તે દૂર થઈ જતી નથી. તે ત્યાં જ રહે છે અને વધુને વધુ મોટી બનતી જાય છે.

તેની માત્ર ચિંતા કરવાથી પણ કંઈ વળતું નથી. ચિંતા કરવી એટલે એક રૉકિંગ ખુરશીમાં બેસીને જોરશોરથી હિલચાલ કરવા જેવું છે. તમે રહેશો ત્યાંને ત્યાંજ. ન તો તમે આગળ વધશો અને ન તો પાછળ જંશો.



સમસ્યાઓનું સમાધાન હંમેશાં હોય જ છે. તમારે ફક્ત તે સમાધાન શોધવું પડે છે અને તે તમને મળશે જ.

આજે મને વચન આપો કે જ્યારે પણ તમારા જીવનમાં કોઈ સમસ્યા આવે, તો તમે તેને તમારા પર ભારે થવા દેશો નહીં પણ તમે તેના પર કાબુ મેળવશો.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | ઇસ્માઇલભાઈ શેરુ | 3 |
| 2 | ટોંગ્બ્રામ બિજિયાશાંતિ | 6 |
| 3 | કલ્પના | 9 |
| 4 | ઈ-પરિસરા | 12 |
| 5 | બબીતા રાજપુત | 15 |
| 6 | શર્મિલા ઓસ્વાલ | 18 |
| 7 | વિજય કુમાર કાબી | 21 |
| 8 | સિલુ નાયક | 24 |
| 9 | સેંટ ટેરેસાઝ કૉલેજ | 27 |
| 10 | કમલા મોહરાના | 30 |

# ઇસ્માઇલભાઈ શેરુ



તે નાયર સરની ક્લાસ હતી અને વિદ્યાર્થીઓ એક બીજી નવી મન કી બાતની સ્ટોરીની રાહ જોઈ રહ્યાં હતા.
શું તમે ભારે વરસાદને લીધે ખેડૂતોને થયેલા નુકસાન વિશે વાંચ્યું છે?
હા, મારા પપ્પા મને કહી રહ્યાં હતા કે કેવી રીતે ખરાબ હવામાન આખા પાકને બગાડી શકે છે.
તારા પપ્પાએ સાચું કીધું, પૂજા. ખેતી એ એક જોખમી વ્યવસાય હોઈ શકે છે...
...પરંતુ આજની સ્ટોરી એક એવા ખેડૂત વિશેની છે જેણે સાબિત કર્યું કે નવીનતાઓ સાથે ખેતી કરવી ખૂબ નફાકારક પણ હોઈ શકે છે. આ માણસનું નામ છે ઇસ્માઇલભાઈ શેરુ, જે ગુજરાતના રામપુર ગામમાં વ્યવસાયે ખેડૂત છે.
ઇસ્માઇલનો જન્મ એક ખેડૂત પરિવારમાં થયો.
ખાતરી કરો કે ખાતર એકસરખી રીતે ફેલાય.
હું મોટો થઈશ ત્યારે હું પણ પપ્પાની જેમ ખેડૂત બનીશ.


ત્યાં સમસ્યાઓ પણ હતી.
આ વર્ષે પાછો વરસાદ નથી આવ્યો. કામદારોને વેતન આપ્યા પછી, આપણાં માટે કંઈ નહીં વધે.
આવું છેલ્લા બે વર્ષથી થઈ રહ્યું છે. આપણે આ નુકસાનની ભરપાઈ કેવી રીતે કરીશું?
જેમ જેમ ઇસ્માઇલ મોટો થતો ગયો તેનો ખેતી તરફનો જુસ્સો વધતો ગયો.
પપ્પા, હવે હું ખેતીકામમાં મદદ કરી શકું એટલો મોટો થઈ ગયો છું.
મારા દિકરા, ખેતીમાં નુકસાન સિવાય કંઈ જ નથી. તને ખબર નથી મારા માથે પહેલાંથી કેટલું દેવું થઈ ગયું છે? શહેરમાં જા અને કોઈ સારી નોકરી શોધી લે.
ઇસ્માઇલના સપનાઓને દરેક વ્યક્તિ હતોત્સાહિત કરતું...
તારે તારા માતાપિતાનું કહેવું માની લેવું જોઈએ. ખેતીમાં ન જોડાવું જોઈએ.
...પણ તે સાંભળવાનો નહોતો.
જો બધા આવું જ વિચારતા રહે, તો કોઈ ખેડૂત રહેશે જ નહીં! હું દુનિયાને સાબિત કરી બતાવીશ કે ખેતી હજી પણ એક નફાકારક ઉદ્યોગ છે.
ઇસ્માઇલે તેના ખેતરમાં બટેટા ઉગાડવા માટેની નવી પદ્ધતિઓનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું.
મેં સ્પ્રિંકલર સિંચાઈથી ડ્રિપ સિંચાઈ પર સ્વિચ કર્યું છે જેથી કરીને પાણીનો બગાડ ન થાય અને ખાતરનો ઉપયોગ યોગ્ય રીતે થાય.
ઇસ્માઇલ, આ ગજબનો વિચાર છે!


તેનો નવો પ્રયોગ સફળ થયો અને જલ્દી જ તે પોતાના ઉંચી ગુણવત્તાના બટેટા માટે ઓળખાવા લાગ્યો.
આ વર્ષે ઉત્પાદન જોરદાર થયું. લાગત પણ ઘટી અને બગાડ પણ ઘટ્યો, મેં સારો એવો નફો મેળવવા માટેનું સંચાલન કર્યું.
જ્યારે તેના પાકની પેદાશને વેચવાનો સમય આવ્યો -
તમારી સાથે વેપાર કરવામાં આનંદ આવ્યો ઇસ્માઇલ ભાઈ. મને ખુશી છે કે તમે સીધો જ અમારી કંપનીનો સંપર્ક કર્યો.
બરાબર, મને સમજાઈ ગયું કે ખેડૂતોનો ઘણો પૈસો મધ્યસ્થીઓ પર વેડફાય છે.
ત્યારથી, ઇસ્માઇલે પોતાનો ઉંચી-ગુણવત્તાનો પાક ઘણી મોટી કંપનીઓને વેચ્યો, તે પણ કોઈ મધ્યસ્થી વિના.
પપ્પા, આ વર્ષના નફાથી મેં તમારા તમામ જૂના દેવા ચૂકવી દીધા છે. હવે તમારે કંઈ ચિંતા કરવાની જરૂર નથી.
દીકરા, મને તારા પર ખૂબ ગર્વ છે.
હવે, ઇસ્માઇલ અન્ય ખેડૂતોને પણ નવી પદ્ધતિઓ લાગુ કરવામાં મદદ કરે છે અને તેમના ખેતરોને વધુ નફાયોગ્ય બનાવે છે.
આ રેડિયો શોમાં, પ્રધાનમંત્રી મોદીએ ઇસ્માઇલના પ્રયાસોની પ્રશંસા કરી અને તેના કામને ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવનારું કહ્યું.

# ટોંગ્બ્રામ બિજિયાશાંતિ




*મણિપુરના બિષ્ણુપુરમાં આવેલું તાજા પાણીનું એક તળાવ


બિજિયાશાંતિ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય દ્વારા આયોજિત ઉદ્યમિતા પ્રશિક્ષણ પ્રોગ્રામમાં જોડાઈ.
મારે છોડવાઓના તબીબી અને સુગંધિત ગુણધર્મો વિશે વધુ જાણવા માટે પણ કેટલાક વર્ગોમાં જોડાવું જોઈએ.
નવી જાણકારીથી સજ્જ થઈને, 2018માં, બિજિયાશાંતિએ સૂતર બનાવવા માટે કમળની દાંડીઓમાંથી રેસા કાઢવાનું શરૂ કર્યું.
આવો, હું તમને પણ તે કેવી રીતે કરવું તે શીખવું.
શરૂઆતમાં, તેણે 10 સ્થાનિક મહિલાઓની એક ટીમ સાથે શરૂ કર્યું.
તે પછી બિજિયાશાંતિએ 'સાનાજિંગ સાના થંબલ' નામથી એક સંસ્થા શરૂ કરી અને તેના ગામની અન્ય મહિલાઓને તે પદ્ધતિ શીખવવાનું શરૂ કર્યું.
પ્રથમ, આપણે કમળની દાંડીમાંથી રેસા ખેંચવા માટે તેને તોડીશું.
આપણી હથેળી અને પાટિયાનો ઉપયોગ કરીને આપણે રેસાને રોલ કરીશું.
આમાંથી આપણે જે સૂતર બનાવશું તે લૂમ પર વણવામાં આવે છે.




*મણિપુરમાં ઉદ્યમિતા અને નવીનીકરણને પ્રોત્સાહિત કરવા માટેની એક સરકારી યોજના.

# કલ્પના













*ઉત્તરાખંડમાં




*કર્ણાટકમાં આવેલું એક શહેર




*સેકન્ડરી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ, 10મા ધોરણની જાહેર પરીક્ષા પાસ કરવા પર મળે છે.

^ઇન્ડિયન એડ્મિનિસ્ટ્રેટિવ સર્વિસ

# ઇ-પરિસરા




* એક ધાતુને બીજી ધાતુનું પડ ચઢાવવાની પ્રક્રિયા


જો કે આ ધાતુઓને યોગ્ય રીતે કેમ કાઢવું તે આ કચરો વીણનારાઓ જાણતા ન હોવાથી, તેઓ તેને કચડી નાખે છે અને તે પછી કાં તો વધેલા કચરાને બાળી નાખે છે અથવા જળાશયોમાં ફેંકી દે છે.
આના લીધે ખૂબ વધુ પ્રમાણમાં ઝેરી રસાયણો જેમ કે મર્ક્યુરી (પારો) અને લીડ (સીસું) બહાર પડે છે અને પાણીમાં અથવા વાતાવરણમાં ફેલાઈ રહ્યાં છે. આપણે આ જ હવામાં શ્વાસ લઈએ છીએ અને તે જ દૂષિત પાણી પી રહ્યાં છીએ!
અમને તો ખબર જ નહોતી કે ઇ-વેસ્ટ વાતાવરણને દૂષિત કરે છે અને ઝેરી બનાવે છે!
હા, તે તેમ જ કરે છે. ઇ-વેસ્ટ જનરેટ કરવામાં ભારત વિશ્વમાં ત્રીજા સ્થાને છે પરંતુ ભારતમાં તેના યોગ્ય નિકાલ વિશેની જાગરૂકતા બિલકુલ નથી.
2005માં, પાર્થસારથીએ ઇ-પરિસરા નામથી ઇ-વેસ્ટ રિસાઇકલિંગ કંપની શરૂ કરી.
અમે જોખમી સામગ્રીઓને અલગ કરીશું, કાંચ, ધાતુ અને પ્લાસ્ટિક જેવી કાચી સામગ્રીઓને અલગ કરીશું અને તે પછી અમે જે પણ રીસાઇકલ કરી શકીએ તે કરીશું.
E-Parisaraa Pvt.Ltd



ઇ-પરિસરાએ આ કરવા માટે જલ્દી જ સરળ, સુરક્ષિત અને પર્યાવરણ-અનુકૂળ પદ્ધતિઓ તૈયાર કરી.
જુઓ સર, અમે લિથિયમ બૅટરીમાંથી એલ્યુમિનિયમ અને તાંબુ પુનઃપ્રાપ્ત કર્યું છે.
અમે જૂના કમ્પ્યુટરના પ્રિન્ટેડ સર્કિટ બોર્ડમાંથી કિંમતી ધાતુઓને અલગ કરવાની રીત પણ શોધી લીધી છે.
અને તે પણ શૂન્ય પ્રદૂષણ સાથે! મને તમારા પર ગર્વ છે.
ઇ-પરિસરા એ કેન્દ્ર અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી મંજૂરી મેળવનાર પ્રથમ ઇ-વેસ્ટ રીસાઇકલર બન્યું.
પુનઃપ્રાપ્ત કરેલી ધાતુઓ આભુષણ, પેન અને અન્ય વસ્તુઓ પર પ્લેટ કરવા માટે વપરાતી હતી.
ખૂબ સરસ!
2010માં, ઇ-પરિસરાને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય દ્વારા ઉત્કૃષ્ટ ઉદ્યમિતા માટેના રાષ્ટ્રીય પુરસ્કારમાંથી પ્રથમ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
MICRO, SMALL & MEDIUM ENTERPRISES
CHIEF GUEST
SMT. PRATIBHA DEVI SINGH
તે પછી અન્ય પુરસ્કાર અને માન્યતાઓ મળી. 2023માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં તેમના પ્રયાસોની પ્રશંસ કરી.
આપણે ઇ-વેસ્ટ રીસાઇકલ કરવા માટેની હજી બહેતર રીત શોધવાનું ચાલુ રાખીશું. તમે ફક્ત કલેક્શન સેન્ટર્સ પર જ તમારા ઇ-વેસ્ટનો નિકાલ કરીને પણ મદદ કરી શકો છો, જેથી કરીને આજુબાજુના વાતાવરણને પ્રદૂષિત કર્યા વિના તેને રીસાઇકલ કરી શકાય છે.

# બબીતા રાજપુત



ઉનાળાની રજાઓ સમાપ્ત થઈ હતી અને તે શાળાનો પહેલો દિવસ હતો.
તારી ઉનાળાની રજાઓ કેવી રહી, પૂજા?
અરે પૂછીશ જ નહીં શ્રેયસ. અમારા પાડોશમાં આખો ઉનાળો વૉટર કટ હતો.
હા, અમારે ત્યાં પણ! તેથી જ અમારું કુટુંબ થોડો સમય મારા કાકાને ત્યાં રહેવા જતા રહ્યાં હતા.
પણ દિનેશ, શું તમે તે લોકો વિશે વિચાર્યું છે જેમણે આખું વર્ષ પાણીની તંગીનો સામનો કર્યો હોય?
આજે, હું તમને એક યુવાન મહિલાની સ્ટોરી બતાવવા જઈ રહ્યો છું. જે તમારાથી વધુ મોટી નથી, પણ તેણે પોતાના ગામમાં પાણી લાવવા માટે પર્વત ખોદીને રસ્તો કાઢ્યો.
મધ્યપ્રદેશનાં છત્તરપુર જીલ્લામાં આવેલા અગ્રોઠા ગામમાં -
પાછલા બે વર્ષથી જરાય વરસાદ પડી રહ્યો નથી. દરરોજ, આપણો અડધો દિવસ ખાલી પાણી લાવવા માટે ચાલીને જવામાં વીતે છે.
મારા બાળકો હવે નિશાળે જઈ શકશે નહીં કારણ કે પાણી લઈ જવામાં મને તેમની મદદની જરૂર છે. આવું નહીં ચાલી શકે.
19 વર્ષની બબીતા રાજપુત અત્યંત અસ્વસ્થ હતી.
આપણી પાસે 90 એકડનું તળાવ છે, પરંતુ વરસાદ ન પડવાથી તે સુકાઈ ગયું છે. મહિલાઓને તેમની પાણીની મૂળભૂત જરૂરિયાત માટે સંઘર્ષ કરવો પડે છે. ગામના વડીલો કોઈપણ પગલું લઈ રહ્યાં નથી.


એક દિવસ, ગામની બધી મહિલાઓ આ સમસ્યા વિશે ચર્ચા કરવા માટે ભેગી થઈ.
આપણે આ તળાવને ફરીથી ભરવાની રીત શોધવાની જરૂર છે. નજીકની નહેરના પાણીનો તે માટે ઉપયોગ કરીએ તો?
બબીતા, નહેર આ ટેકરીની પેલે પાર છે. આપણે પાણી અહીં લાવવા માટે તેને ખોદવી પડશે.
તે ખરેખર ખૂબ મુશ્કેલ કાર્ય હશે. પણ દરરોજ આટલું આવ-જા કરવામાં સમય વીતાવવા કરતાં તો વધુ સારું રહેશે ને?
તે ટેકરી સરકારની માલિકીની છે. જો આપણે તેમાંથી માર્ગ કાઢવાનું નક્કી કરીએ તો પણ તે વન વિભાગની પરવાનગી વિના કરી શકાશે નહીં.
બબીતાની આગેવાની હેઠળ મહિલાઓએ, નહેરનું પાણી તળાવમાં પહોંચાડી શકાય તે માટે એક ખાઈ બનાવવા જરૂરી પરવાનગી મેળવવાનું નક્કી કર્યું.
જો કે, અધિકારીઓ સાથે ડીલ કરવું, મહિલાઓના ધાર્યા કરતા થોડું વધુ મુશ્કેલ હતું.
સદ્ભાગ્યે, પરમાર્થ સમાજ સેવી સંસ્થા નામના એક એનજીઓના સભ્યોએ ગામની મુલાકાત લીધી.
મેડમ, આ મહિલાઓ તે ટેકરી ખોદવા માટે તૈયાર છે. પરંતુ ગામના વડીલો અને વન અધિકારીઓ મુશ્કેલી ઊભી કરી રહ્યાં છે.
તમે મહિલાઓએ દૃઢ ઇચ્છાશક્તિનો પરિચય આપ્યો છે. અમે તમને પેપરવર્ક પૂરું કરવા અને પરવાનગી મેળવી આપવામાં મદદ કરીશું.




*પાણીના મિત્રો, તે પ્રોજેક્ટ પર કામ કરતી ગામની મહિલાઓના સમૂહનું એક નામ

# શર્મિલા ઓસવાલ




*ફિંગર મિલેટ બૉલ્સ
^પર્લ મિલેટ ફ્લેટબ્રેડ

**સોર્ઘમ
^^મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશનું એક ગામ
















*આન્ટી, મોટી ઉંમરની મહિલાઓને આદરપૂર્વક સંબોધિત કરવા માટે પણ વપરાય છે




*યુનાઇટેડ સ્ટેટ્સની એક પ્રતિષ્ઠિત યુનિવર્સિટી

^પાણીને વાજબી રીતે શેર કરવું

# વિજય કુમાર કાબી




*છોડવાઓ અને ઝાડનો એક સમૂહ જે ખારા પાણીના તટીય વિસ્તારોમાં ઉગે છે

^250 કિમી. પ્રતિ કલાકથી વધુ ઝડપે ફૂંકાતા પવન સાથેનો એક વિશાળ ચક્રવાત




*કોઈ વનસ્પતિ વિનાની ખાલી, બિનઉપયોગી જમીન

^એક સંસ્થા જે ભારતમાં પર્યાવરણ સંરક્ષણને સમર્થન આપે છે




*વૃક્ષારોપણની સાથે ચાલતા પાણીના નાના નાના પ્રવેશદ્વાર

# સિલુ નાયક




*ઓરિસ્સામાં

^થલસેના, વાયુસેના અને નૌસેના




*ઓરિસ્સા ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સેસ

^ઓરિસ્સાનું એક શહેર




*સશસ્ત્ર દળો ઉપરાંત પેરામિલિટરી બળો, સીમા સુરક્ષા અને આ રીતે ઘણાં દળો સામેલ છે

# સેંટ ટેરેસાઝ કૉલેજ




*એક સામાજિક ઉદ્યમિતા ક્લબ

^કેરળનું એક શહેર




*ઇકો-ફ્રેન્ડલી અને ટકાઉ

^રમકડાંનું બોક્સ




*ગ્રામીણ બાળસંભાળ કેન્દ્ર

^ગરીબી દૂર કરવા અને મહિલાઓને સશક્ત કરવા માટેનો પ્રોગ્રામ

**છ વર્ષથી નાની ઉંમરના બાળકો અને તેમની માતાઓ માટેનો એક કલ્યાણ કાર્યક્રમ

# કમલા મોહરાના



રીસેસનો સમય હતો અને બધા વિદ્યાર્થીઓ રમવામાં મશગૂલ હતા, સિવાય પૂજા.
પૂજા, તું આ કાંકરા કેમ ભેગા કરે છે?
મેં વિચાર્યું કે કોઈ આકર્ષક શિલ્પ બનાવવા માટે તેમને એકસાથે ગુંદરથી ચોંટાડીશ.
તે સુંદર વિચાર છે. આજે ક્લાસમાં, હું તમને એક બીજી સર્જનશીલ વ્યક્તિ, ઓરિસ્સાની કમલા મોહરાનાની વાત કહીશ, જેણે બેકાર કાગળિયા અને પ્લાસ્ટિકને શાનદાર કલાકૃતિઓમાં રૂપાંતરિત કરી.
કમલા મોહરાનાને એક વિચિત્ર શોખ છે...
તું આ બધું કેમ ભેગુ કરી રહી છે મમ્મી?
ચિંતા ના કરીશ, હું તેનો સારો ઉપયોગ કરીશ.
...અથવા ઓછામાં ઓછું તે મોટા ભાગના લોકોને વિચિત્ર તો લાગ્યું.
કમલા, તેં આ બેકાર કાગળ અને પ્લાસ્ટિક કેમ ભેગા કર્યા છે?
આ બનાવવા માટે.
આ બાસ્કેટ સુંદર લાગે છે. મને વિશ્વાસ નથી થતો કે તે બેકાર વસ્તુઓમાંથી બનાવેલી છે. હું પણ આવી વસ્તુઓ બનાવી શકું તો કેવું સારું!


પાડોશીની વાત કમલાના મનમાં રહી ગઈ. બીજા દિવસે -
જો તમને રસ હોય, તો હું તમને અને અન્ય લોકોને બેકાર સામગ્રીમાંથી બાસ્કેટ અને અન્ય ઉપયોગી વસ્તુઓ કેવી રીતે બનાવવી તે શીખવી શકું. તે આવકનો સ્રોત પણ બની શકે છે.
તે અદ્ભુત છે. મને તે શીખવું ગમશે.
જલ્દી જ, મહિલાઓનો એક સમૂહ કમલ પાસે આ કુશળતાઓ શીખવા માટે આવ્યો.
પ્રથમ, આપણે તમામ પ્રકારના બેકાર પ્લાસ્ટિક અને કાગળ જેમ કે રેપર્સ, દૂધના પૅકેટ અને આના જેવા પ્લાસ્ટિક કવરને એકત્રિત કરીએ છીએ અને અલગ-અલગ કરીએ છીએ.
“પછી, તેમને સારી રીતે ધોઈને, સૂકવીશું...
“...તે પછી, તેને પાતળી પટ્ટીઓમાં કાપીશું...
“...અને છેવટે, તેમાંથી એક સુંદર બાસ્કેટ બનાવવા માટે તેને ભેગા કરીને ગુંથીશું.”
બાસ્કેટની સાથે-સાથે, મહિલાઓએ જલ્દી જ નકામી સામગ્રીમાંથી પેન સ્ટેન્ડ, મોબાઇલ ફોન સ્ટેન્ડ, ફૂલદાનીઓ, હાથ પંખા અને વૉલ-હેન્ગિંગ્સ જેવી સુંદર વસ્તુઓ બનાવવાનું શરૂ કર્યું.
એક દિવસ -
આવતા મહિને અહીં એક મેળો* આવી રહ્યો છે. ચાલો આપણે ત્યાં આપણા ઉત્પાદનોને અજમાવીએ અને તેમને વેચીએ.
કમલા અને તેની ટીમને મેળામાં સારો એવો નફો થયો.

*ફેર


જલ્દી જ, તેમણે પોતાના અને આજુબાજુના ગામમાં નિયમિત રીતે તેમના ઉત્પાદનોને વેચવાનું ચાલુ કર્યું.
આવતા મહિને મારી ભત્રીજીના લગ્ન છે. મને આવી 20 બાસ્કેટ મળી શકશે?
હા, બિલકુલ. તે બે અઠવાડિયામાં તૈયાર થઈ જશે.
જ્યારે આ સમૂહ વિશે સ્થાનિક વહીવટે સાંભળ્યું ત્યારે -
કમલા, તમારી ટીમ ટકાઉ ઉત્પાદનો બનાવવાનું અને તેમને વેચવાનું ઉત્તમ કામ કરી રહી છે. જો તમારા સ્વ-સહાય સમૂહનું કોઈ નામ હોય તો તેને ફંડ પણ મળી શકે છે.
આપણે પોતાને 'મા થાનાપતિ' કહીશું.
પ્રશાસનની મદદ વડે, 'મા થાનાપતિ' સમગ્ર ઓરિસ્સામાં હસ્તશિલ્પ મેળાઓમાં પોતાનો માલ વેચે છે.
કમલા દીદીની મહેરબાનીથી હું મહિને લગભગ 6000 રૂપિયા કમાવું છું.
હા. મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું મારા માટે કમાવી શકીશ.
'મા થાનાપતિ' હાલમાં ગામની 28 થી 63 વર્ષની લગભગ 40 મહિલાઓને આજીવિકા પ્રદાન કરે છે.
કમલાને આશા છે કે તેની પહેલ અન્ય ગામોમાં પણ લાગુ થશે, જેનાથી ઘણાં લોકોને આજીવિકાનો સ્ત્રોત મળશે.



मन की बात 100
MANN KI BAAT 100

# મન કી બાત

## વોલ્યુમ 6

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રેડિયો કાર્યક્રમ પર આધારિત મન કી બાતનું છઠ્ઠું વોલ્યુમ આપણા માટે આખા દેશમાંથી અવિશ્વસનીય વાર્તાઓ લઈને આવ્યું છે.

ઉત્તરાખંડની એક દૃષ્ટિહીન વિદ્યાર્થીની કલ્પનાને છેવટે તેની મદદ માટે સંસાધનોથી સજ્જ એક શાળા મળી ગઈ. સમસ્યા એ કે બધા પાઠ કન્નડમાં ભણાવવામાં આવતા. કલ્પના ત્રણ મહિનામાં ફક્ત એક નવી ભાષા જ નથી શીખતી પરંતુ તેમાં 92 ગુણ પણ પ્રાપ્ત કરે છે.

મણિપુરની એક ઉદ્યમી મહિલા ટોંગબ્રમ બિજિયાશાંતિએ કમળના ફૂલ પ્રત્યેના તેના પ્રેમને એક વ્યવસાયમાં બદલ્યો. તે તેની ડાંડીઓમાંથી રેસા એકત્રિત કરે છે અને તેમાંથી સૂતર વણીને વસ્તુઓ બનાવે છે, જે ટકાઉ હોવાની સાથોસાથ સુંદર પણ હોય છે.

ઇસ્માઇલભાઈ શેરુનો જન્મ ગુજરાતના એક ખેડૂત પરિવારમાં થયો છે જે તેમને પોતાના પરંપરાગત પગલે ન ચાલવાની સલાહ આપે છે. જો કે, ખેતી પ્રત્યેનો તેનો જુસ્સો અકબંધ છે. આજે, તે એક ખેડૂત છે જેની ઉચ્ચ ગુણવત્તાવાળી પેદાશ અને નવી રીતોએ તેમના સાથીઓને પ્રેરિત કર્યા છે.

દસ વાર્તાઓનો આ સંગ્રહ સાબિત કરે છે કે તમે ભલે ગમે ત્યાંના હોવ, સફળતા હંમેશાં હાસિલ કરી શકાય છે.



₹99

www.amarchitrakatha.com
ISBN 978-81-19596-68-3
9 788119 596683